કલ્યાણ ફાઉન્ડેશન, સંચાલિત અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલજી, ગાંધીનગર પ્રાયોજિત,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર
બ્લોક નં.૧૩, દક્ષિણામૂર્તિ સોસાયટી–૨, પ્લોટ નં.૨૨૩૯, હિલડ્રાઈવ, ભાવનગર
Ph. No.-(0278)2570111-110, Email: krcscbhavnagar@yahoo.co.in, Web: www.krcscbhavnagar.org

૨૩/૧૦/૨૦૧૩

પ્રતિ,
તંત્રીશ્રી,

ભાવનગર.

ભારતની જૈવવિવિધતાના અદભૂત ખજાના સાથેની 'સાયન્સ એકસપ્રેસ – બાયોડાવર્સિટી સ્પેશિયલ ટ્રેન ની મુલાકાત ૪૭૦૩ લોકોએ લીધેલ

ભારતની જૈવવિવિધતા દર્શાવતી ભાવનગરના આંગણે 'સાયન્સ એકસપ્રેસ' બાયોડાવર્સિટી સ્પેશિયલ (SEBS)' ટ્રેન નું આગમન તા.૨૩ ઓકટોબરના રોજ થયેલ. જેના સંકલનની કામગીરી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા કરવામાં આવી રહી છે.

સાયન્સ એકસપ્રેસ પ્રદર્શન ટ્રેનના ઉદઘાટન કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ભાવનગરના કલેકટરશ્રી પી.કે. સોલંકી સાહેબ, ડિસ્ટ્રીક જજ શ્રી વાય. એમ. શુકલા સાહેબ, શ્રી એચ.આર. સુથાર સાહેબ,(ડી.ડી.ઓ) શ્રી કમિશ્નરશ્રી વી.પી. પટેલ સાહેબ,શ્રી સોનવિરસિંહ (ડી.આર.એમ.) શ્રી અમિત ગુપ્તા (ડી.આર.એમ.)શ્રી કે. એસ. રંધાવા (ડી.સી.એફ) શ્રી દિલીપ સુરકર (ડાયરેકટર VASCSC) શ્રી સુધિર શર્મા (મેનેજર સાયન્સ એકસપ્રેસ) શ્રી પરેશભાઈ ત્રિવેદી (આચાર્ય બી.એમ.કોમર્સ હાઈસ્કુલ) તેમજ સંસ્થાના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડ ઉપસ્થિત રહેલ. સ્વાનિારાયણ ગુરુકૂળ, સરદારનગરની બહેનોએ પ્રાર્થનાથી કાર્યક્રમની શરૂઆત કરેલ. શ્રી પરેશભાઈ ત્રિવેદી તમામ મહેમાનોનું શાબ્દીક તેમજ પુષ્પગુચ્છથી સ્વાગત કરેલ. અને મહાનુંભાવોએ દિપ પ્રાગટયથી કાર્યક્રમને ખુલ્લો મૂકેલ. મહાનુંભાવોએ લોકવિજ્ઞાન કેન્દ્રના સંકલનની આ કામગીરીને બિરદાવે. ડિસ્ટ્રીક જજ શ્રી વાય. એમ. શુકલા સાહેબ, પોતાના વકતવ્યમાં જણાવેલ કે આ અદભૂત પ્રદશનન વધારેને વધારે લોકો નિહાળ તેવું આહવાન કરેલ. શ્રી દિલીપ સુરકર VASCSCના ડાયરેકટરે ટ્રેન વિશેની માહિતિ આપતા જણાવેલ કે SEBS પરના પ્રદર્શનનો મુખ્ય હેતુ સમાજના વિવિધ ભાગો, ખાસ કરીને વિધાર્થીઓમાં ભારતની જૈવવિવિધતા, આબોહવા પરિવર્તન અને એવા બીજા મુદ્દાઓ વિષે જાગૃતતાપેદા કરવા માટેનો છે. આમ, શાળા અને કોલેજના વિધાર્થીઓ તથા શિક્ષકો વધારે પ્રમાણમાં આ પ્રદર્શનની મુલાકાત લે એ એનો મુખ્ય ધ્યેય છે. અંતમાં ભાવેશભાઈ ભરાડે સર્વે ઉપસ્થિત મહેમાનોનો આભાર માનેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી મિતુલભાઈ રાવળે કરેલ. આજરોજ ૧૬ શાળાના ૪૭૦૩ વિધાર્થીઓ અને શિક્ષકોએ લાભ લીધેલ.

બપોરના સમયબાદ ભાવનગરના સાંસદશ્રી રાજેન્દ્રસિંહજીરાણાએ આ ટ્રેનની મુલાકાત લીધેલ અને લોકવિજ્ઞાન કેન્દ્રની કામગીરીને બિરદાવેલ. આગામી બે દિવસ સુધી આ પ્રદર્શન સવારના ૧૦ થી સાંજના ૫ કલાક સુધી ખુલ્લુ રહેશે. લાભ લેવા ઈચ્છતી શાળાઓએ સમયસર પહોંચી જવું.

P.P. Trivedi
(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર